**એકમ 1**

# સંચાલન પરિચય-1

## : રૂપરેખા :


1.1 પ્રસ્તાવના

1.2 સંચાલનનો અર્થ

1.3 સંચાલનની વ્યાખ્યા અને ખ્યાલ

1.4 સંચાલનના લક્ષણો

1.5 સ્વાધ્યાય


## 1.1 પ્રસ્તાવના

**સંચાલન**

જયાં બે કે વધુ વ્યક્તિઓ ભેગી મળીને કોઇ ચોક્કસ હેતુની સિધ્ધિ માટે કાર્ય કરતી હોય ત્યાં અગાઉથી ચોક્કસ આયોજન કરવું પડ્યું હોય છે, માર્ગદર્શન, પ્રેરણા આપવી પડતી હોય છે, તેમના ઉપર અંકુશ રાખવો પડતો હોય છે આ કાર્ય જેના દ્વારા થાય છે તેને “સંચાલન” કહેવાય.

## 1.2 સંચાલનનો અર્થ

હેરોલ્ડ કુન્તઝના મતે, “Management is the art of getting things done through and with people.”અન્ય વ્યક્તિઓ પાસેથી કામ લેવાની કળા એટલે સંચાલન.

જયાં માણસો ભેગા મળીને કાર્ય કરતા હોય છે ત્યાં સંચાલન અર્નિવાર્ય છે. આપણે કયારેય પશુ પક્ષીઓમાં ક્યારેય એકબીજા ને માર્ગદરર્શન કે દોરવણી આપતા જોયા નથી. રાણી મધમાખી અન્ય મધમાખીઓને મધ એકઠું કરવા માટે એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર જવાની સુચના આપતી હોય તેવું જોયું નથી. દરેક મધમાખી પોતાની રીતે, સ્વયં શિસ્તથી પોતાનું કાર્ય પાર પાડ્યે જતી હોય માણસો માટે આ શક્ય નથી. માટે ત્યાં સંચાલન જરૂરી બને છે.

## 1.3 સંચાલનની વ્યાખ્યા અને ખ્યાલ

સંચાલન માત્ર ધંધાકીય ક્ષેત્રોમાં હોય તેવું નથી.આર્થિક, સામાજીક, રાજકીય, બિનધંધાકીય દરેક ક્ષેત્રમાં જરૂરી છે.

જહોન લી ના મતે, સંચાલન એક એવી કળા છે કે જે દ્વારા ઓછામાં ઓછા પ્રયત્નોથી વધુમાં વધુ પરિણામ પ્રાપ્ત કરી શકાય છે. ઓછામાં ઓછા સમય અને નાણાંના ઉપયોગથી નિર્ધારીત ધ્યેય શ્રેષ્ઠ રીતે હાંસલ કરી શકાય છે.

માનવ શરીરમાં જે રીતે મગજનું મહત્વ છે, તે જ રીતે ધંધામાં સંચાલનનું મહત્વ છે. મગજ વગરનું શરીર હાડ-માંસનો લોચો છે તે જ રીતે સંચાલન વગરનો ધંધો માત્ર Money (નાણાં) Machines (યંત્રો) Materials (સાધન સામ્રગી) અને Men (માણસ) નો સમુહ છે જે કોઈપણ ધ્યેય સિધ્ધ માટે ઉપયોગા નથી.

## 1.4 સંચાલનના લક્ષણો

**1. સંચાલન સાર્વત્રિક છે :**

માત્ર ધંધાકીય ક્ષેત્રોમાં જ સંચાલન હોય તેમ નથી. શૈક્ષણિક, ધાર્મિક, સામાજીક. રાજકીય. લશ્કર કે અન્ય તમામ સામૂહિક પ્રવૃતિઓમાં સંચાલન જરૂરી છે. ઉચ્ચ, મધ્ય અને નિમ્ન દરેક સપાટીએ સંચાલન જરૂરી છે.

**2. સંચાલન એ સતત ચાલતી પ્રક્રિયા છે :**

ધંધાની સ્થાપના વખતે જ આવશ્યક છે તેવું નથી. ધંધાની સ્થાપનાથી લઈ, ધંધો ચલાવતા તથા ધંધાનું વિસર્જન કરવું હોય તેવા દરેક તબક્કે સંચાલન અર્નિવાર્ય છે.

**3. ચોક્કસ હેતુંની સિધ્ધિ માટે સંચાલન જરૂરી છે :**

ધંધાનો મુખ્ય હેતુ નફાનો હોય છે. બિન ધંધાકીય એકમનો હેતું સેવાનો હોય છે. કોઈ પણ ક્ષેત્ર હોય , કોઈપણ હેતુ હોય તેના સિધ્ધિકરણ માટે સંચાલન જરૂરી છે.

**4. ઉપલબ્ધ સાધનોના મહતમ ઉપયોગ માટે સંચાલન જરૂરી છે :**

જયાં ટાંચા સાધનોની મદદથી કાર્ય થતું હોય, માણસોની અછત હોય, ત્યાં સંચાલન દ્વારા સાધનોનો અને માનવ સંપતિનાં મહતમ ઉપયોગ સંચાલન થકી કરી શકાય છે.

**5. સંચાલન એ કાર્ય સમૂહ છે :**

સંચાલનમાં જુદા જુદા કાર્યેનો સમાવેશ થાય છે. તેમાં આયોજન, પ્રબંધ, સંકલન. અંકુશ, દોરવણી જેવા વિવિધ કાર્યનો સમાવેશ થાય છે.

**6. સંચાલન એ માનવીય પ્રવૃતિ છે :**

જયાં માનવો ભેગા મળીને કામ કરતા હોય ત્યાં જ સંચાલન જરૂરી છે.

અન્ય વ્યકિતઓ પાસેથી કામ લેવાની કળા એટલે સંચાલન.

આ વ્યાખ્યા જ માનવતત્વ ઉપર ભારે મૂકે છે.

**7. સંચાલન એક વ્યવસાય છે:**

સંચાલનનો એક વ્યવસાય તરીકે વિકાસ થઇ રહ્યો છે. સંચાલન નિષ્ણાંતો, સલાહકારો-consultan, નો એક વર્ગ વિકસી રહયો છે જે સ્પષ્ટ કરે સંચાલન એ વ્યવસાય છે.

**8. સંચાલન અનિશ્ચિતતા દૂર કરે છે :**

આવી પડેલ પડકારો, કટોકટી ભરેલી સ્થિતિ, આર્થિક મંદીની સ્થિતિમાં બહાર લાવવાનું કાર્ય સંચાલન કરે છે, ધંધામા રહેલી અનિશ્ચિતતાઓ દૂર કરવાનું કાર્ય સંચાલન કરે છે.

**9. સંચાલન એ નેતૃત્વ પૂરી પાડે છે :**

હાથ નીચેના કર્મચારીઓ પાસેથી કામ લેવાનું હોય તો યોગ્ય નેતૃત્વ વિના તે શક્ય નથી. સંચાલન દ્વારા નેતૃત્વ (Leadership) ના ગુણોનો વિકાસ થાય છે.

**10. સંચાલન અદૃશ્ય છે :**

સંચાલન એ દેખી શકાય એવી પ્રવૃત્તિ નથી. યોગ્ય આયોજન, વ્યવસ્થાતંત્ર, દોરવણી વગેરે દ્વારા ધંધાની ઉત્પાદકતા અને નફાકારકતા વધી શકે, જે સંચાલનના માપદંડો છે.

**સંચાલનના કાર્યો**

સંચાલન એ એક કાર્ય પ્રક્રિયા છે અને તેમાં જુદા જુદા કાર્યોનો સમાવેશ થાય છે. ડૉ. ટેરીના મતે "સંચાલન એ એક વિશિષ્ટ પ્રક્રિયા છે, જેમાં આયોજન, પ્રબંધ, દોરવણી અને અંકુશનો સમાવેશ થાય છે." સંચાલન કાર્યોનો વધુ વિસ્તૃત વર્ગીકરણ લ્યુથર ગ્યુલિકે " POSDCoRB" ના સૂત્ર દ્વારા રજૂ કર્યુ.

P = Planning (આયોજન)

O = Organising (વ્યવસ્થાતંત્ર)

S = Staffing (કર્મચારી વ્યવસ્થા)

D = Directing (દોરવણી)

Co = Co-Ordinating (સંકલન)

R = Reporting (અહેવાલ પ્રેષણ)

B = Budgeting (અંદાજપત્ર)

## 1.5 સ્વાધ્યાય

**લાંબા પ્રશ્નો**

1. સંચાલન એટલે શું ? તેનો અર્થ જણાવી તેનો ખ્યાલ સ્પષ્ટ કરો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

2. સંચાલનની વ્યાખ્યા આપી તેના લક્ષણો વર્ણવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

3. સંચાલનની વ્યાખ્યા આપી તેના કાર્યો વર્ણવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

**ટૂંકા પ્રશ્નો :**

1. સંચાલન એટલે શું ?

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

2. સંચાલનનો અર્થ સ્પષ્ટ કરો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

3. સંચાલનની વ્યાખ્યા આપો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

4. સંચાલનનો ખ્યાલ સ્પષ્ટ કરો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

5. સંચાલનના લક્ષણો ટૂંકમાં વર્ણવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

6. સંચાલનના કાર્યો ટૂંકમાં વર્ણવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................